Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ જેઠ

## પરમેષ્ઠિ મંત્રની સાધના માટે

## ગુણ સામગ્રી

લે. નેમિદાસ

શાન્ત દાન્ત ગુણવંત, સંતના સેવાકારી,
વારિત વિષય કષાય, જ્ઞાન દર્શન સુવિચારી;

સ્યાદવાદ રસ સંગ, હંસ પરિ શમરસ ઝીલઈ,
શુભ પરિણિમ નિમિત્ત, અશુભ સર્વ કર્મનઈ ખીલઈ;

તાદશ નર પરમેષ્ઠિ પદ, સાધનના કારણ લહઈ,
સાહ રામજી સુત રત્ન, નુમિદામ ઇણિ પરિ કહઈ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પુસ્તક : ૮૧ ] જુન : ૧૯૮૪ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પદ–પર | પરમ પૂ૦ આનન્દઘનજી મ. સાહેબ | ૧૧૩ |
| ૨ | આનંદમય જીવન હો | પં. પ્ર. ભદ્રગુપ્તવિજયજી ગણિવર | ૧૧૫ |
| ૩ | ચિતળિયો યાને ટીપકીવાળો પટ્ટો | લેખક : સર આર્થર કોનન ડોયલ<br>અનુવાદક : પી. આર. સલોત | ૧૧૮ |
| ૪ | સત્યં સદા વિજયતે | લે. શાસ્ત્રી રમેશ લાલજી ગાલા | ૧૨૩ |
| ૫ | જ્ઞાનામૃત | લે. રતિલાલ માણેકચંદ શાહ | ૧૨૫ |
| ૬ | દાનમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાનદાન | પૂ૦ અકલંકવિજયજી મ. સાહેબ | ૧૨૮ |
| ૭ | સર્વદાતા જિનેશ્વર | પ. પૂ૦ ઉપાધ્યાય યશોવિજયજી મ. | ટા. પે. ૩ |



## શ્રી જૈન આત્માનંદ સભાનો વાર્ષિક ઉત્સવ

સંવત ૨૦૪૦ના જેઠ સુદ ૪, તા. ૩–૬–'૮૪ના રવિવારે તળાજા મુકામે સારી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. ઉલ્લાસ પૂર્વક ભક્તિરસના અમૃત પાન સાથે. ઉત્તમ ભાવથી ગુંજતા હૃદયે, આકંઠ તૃપ્તિના મસ્ત હૈયે અપૂર્વ લાભ લીધો હતો. તાલધ્વજગિરિના ઝૂલણે ઝૂલતા શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં સ્વ. શેઠશ્રી મૂળચંદ નથુભાઈ તરફથી સંગીત જમાવટ સાથે રાગ–રાગિણી પૂર્વક બહુ ઠાઠથી પૂજા ભણાવામાં આવી હતી. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તથા ભાવનગરવાળા શેઠશ્રી નાનચંદ તારાચંદ તથા શેઠશ્રી ધનવંતરાય રતીલાલ છગનલાલ (અંબીકા સ્ટીલવાળા) તથા શેઠશ્રી સલોત ચુનીલાલ રતિલાલ અને તેમના ધર્મપત્ની જસુમતી-બેન ચુનીલાલ તથા ભુપતરાય નાથાલાલ શાહ (મહાવીર કોરપોરેશનવાળા) અને તેમના માતુશ્રી અંજવાળીબેન વચ્છરાજની રકમના વ્યાજવડે સભાસદ બંધુઓનો ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો. સભ્યોની સભામાં ખુલ્લે હૈયે ચર્ચાઓ થઈ હતી. તેમજ સભા જ્ઞાન પ્રસાર માટે વધુ પુસ્તકો છપાવે અને તે માટે જ્ઞાનભક્ત દાતાઓનો સંપર્ક સાધે તેવી સહુ સભ્યોએ અભિલાષા વ્યક્ત કરી હતી. યાત્રામાં ગેસ્ટની પણ સંખ્યા સારી હતી. જીવનમાં ભક્તિ સભર દિવસ વીતતાં સહુએ ખૂબ આનંદ અનુભવ્યો હતો.

## સ્વર્ગવાસ નોંધ

શ્રી અર્જુનલાલ નેમચંદ કાપડીયા (ઉં. વર્ષ ૭૮) તા. ૨૯–૫–૧૯૮૪ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસીય થયેલ છે. તેઓશ્રી મીલન સ્વભાવના તેમજ ધાર્મીક વૃત્તિવાળા હતા. આ સભાના તેઓશ્રી આજીવન સભ્ય હતા. તેઓશ્રી સભા પ્રત્યે ઊંડો રસ ધરાવતા હતા, તેઓશ્રીના સ્વર્ગવાસથી આ સભાને ઘણીજ ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેઓશ્રીના આત્માને પરમશાન્તિ અર્પે તેવી પ્રાર્થના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રીયુત નટવરલાલ નાથાલાલ વખારીયાની

# જીવન ઝરમર

રાધનપુર શહેરના જૈનોની ખાસ વિશિષ્ટતા છે. મોટા ભાગે ધર્મચુસ્ત હોય છે. ત્યાગ, વૈરાગ અને ધર્મના સંસ્કારો જાણે ગળથુથીમાંજ પાયા હોય! સંયમને માર્ગે જનારાઓની સંખ્યા પણ ઘણી. શ્રી નટવરલાલભાઇનો જન્મ એવાજ એક ધર્મપરાયણ વખારીયા કુટુંબમાં શ્રેષ્ઠીવર્ય શ્રી નાથાલાલ રાવજીભાઈ વખારીયાને ત્યાં માતુશ્રી ચંદનબેનની કુક્ષીએ સંવત ૧૯૮૭ના ચૈત્ર વદ ૫ ના શુભ દિવસે થયો હતો.

શ્રી નટવરલાલભાઈ બાલ્યવસ્થાથી જ ખુબ બુદ્ધિમત્તા સરલ સ્વભાવ, સર્વની સાથે હેત અને પ્રેમથી વર્તન વિવેકભરી વાણી અને પરોપકાર વૃત્તિના કારણે સૌનો પ્રેમ જીતી લેતા. નિશાળમાં મિત્રો અને શિક્ષકોનો પ્રેમ સારી પેઠે સંપાદન કરેલો. ભણવામાં સદાય આગળ પડતો નંબર લાવતા. ચીવટ–ખંત અને ઉદ્યમથી નોનમેટ્રીક સુધી અભ્યાસ કરી ધંધામાં ઝંપલાવ્યું.

રાધનપુરમાં સ્કુલમાં ફી ન હતી પણ નવાબ સાહેબે ફી. રૂ. ૧) હાઈસ્કુલમાં નાખી તેની સામે એક અરજી તૈયાર કરી બધા વિદ્યાર્થીઓની સહી લઇ પોતે જાતે નવાબ સાહેબ પાસે ગયા. એમની વિનયપૂર્વકની અરજીથી નવાબ સાહેબ રાજી થયા અને ફી નાખવાનું રદ કર્યું. વળી નવાબ સાહેબે આશિર્વાદ આપ્યા કે આવા પરોપકારના કામો જીવનભર કરતો રહેજે.

ધાર્મિક અભ્યાસમાં પણ નવસ્મરણ વગેરેનો સારો અભ્યાસ કર્યો. અત્યારે પણ દરરોજ નવસ્મરણ અચુક ભણવાના.

એમના ધર્મપત્ની તો ધર્મના રંગે રંગાએલા હતા. પરંતુ બહુજ નાની વયમાં લગભગ થોડા વર્ષ અગાઉ આ ફાની દુનીયાનો ત્યાગ કરી સ્વર્ગવાસી થયા. એમની પાછળ ૧ દીકરો ૩ દીકરી એમ ચાર સંતાનો મૂકીને ગયા. શ્રી નટવરભાઇને માત્ર ૩૬ વર્ષની નાની વયમાં ભરયુંવાનીમાં કુટુંબનો બોજો, વ્યાવહારિક બોજો માથે પડયો. અને બાળકોના હિત ખાતર તેમજ સાચા પ્રેમના સંસ્કાર પ્રભાવથી પુનઃલગ્ન ન કર્યું. બે દીકરીઓ પરણાવી છે. આ બાબતમાં બહુ ઉંચા વિચારો ધરાવે છે અને પવિત્ર જીવન પરોપકારી જીવન જીવવામાંજ આનંદ માને છે.

ધંધામાં એમની કુશળતા ઘણી છે, શેર સબ–બ્રોકર તરીકે એમનો ધંધો છે. પ્રેકટીસ ઘણી સારી છે, એ બધા કરતાં સેવાના ક્ષેત્રમાં એમનો હિસ્સો સારા પ્રમાણમાં છે.

તેઓ મુંબઈના ગુલાલવાડીમાં આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના જૈન દહેરાસરમાં ટ્રસ્ટી છે. મુંબઈના શેરબજાર–સ્ટોક એકસચેઈન્જ સ્ટાફ યુનિયનના પ્રમુખ છે. રાધનપુર જૈન પ્રગતિ મંડળની કમિટીમાં વિવિધ પ્રકારની સમાજની સેવાના કાર્યો કરે છે, તે સબ કમિટીઓમાં સભ્ય છે, રાધનપુર ભોજનશાળાના ટ્રસ્ટી છે, રાધનપુર આયંબીલ શાળાના ટ્રસ્ટી છે. એ રીતે અનેક સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે. એમના છ ભાઇઓ પૈકી મોટાભાઈ માણેકલાલભાઇ સેવાના ભેખધારી હતા, એક ભાઈ અમેરિકામાં છે, ત્રણ બહેનો પૈકી એક બેને ૫૦ પૂ૦ આચાર્યદેવશ્રી ૧૦૦૮ શ્રી નીતિસૂરિશ્વરજીના સંઘેડામાં દીક્ષા લીધી છે, આ રીતે એક સેવાભાવી ધર્માનુરાગી શ્રીયુત નટવરલાલભાઇ આ સભાના માનવંતા પેટ્રન પદ સ્વિકારતાં સભા ગૌરવ અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ જેઠ : જૂન-૧૯૮૪ [ અંક : ૮

# પદ પર

## પરમપૂજ્ય આનન્દઘનજી મહારાજ સાહેબ

મેરે પ્રાન આનન્દઘન તાન આનન્દઘન
માત આનન્દઘન તાત આનન્દઘન
ગાત આનન્દઘન જાત આનન્દઘન મે. (૧)

**ભાવાર્થ** :- શ્રીમદ્ આનન્દઘનજી કહે છે કે હવે તો મને દુનિયામાં કોઈ પણ વસ્તુ પોતાની ભાસતી નથી. હવે તો એક આનન્દનો સમુહભૂત આત્માજ પ્રિય લાગ્યો છે. આનન્દઘન આત્મા તેજ હવે મારો પ્રાણ નિર્ધાર્યો છે. આજ સુધી હું બાહ્ય તાનમાં પ્રેમ ધારણ કરતો હતો, હવે હું સમજ્યો છું કે મનવડે જે તાન ઉત્પન્ન થતું હતું તે હું નથી. હવે તો ભાવ તાન આનન્દઘન આત્માજ છે-એમ નિશ્ચય કર્યો છે. શરીરાદિકને ઉત્પન્ન કરવામાં સહાયી ભૂતને હું માતા માનતો હતો; પણ હવે ચેત્યો અને જાણ્યું કે જગતમાં જન્મના સંબંધે અનેક માતાઓ કરી પણ કોઇ સત્ય સુખ આપવામાં સમર્થ થઇ નહિ; તેજ પ્રમાણે પિતાની બાબતમાં. તેથી હવે આનન્દઘન આત્મા તેજ મારી માતા અને પિતા. ચાર પ્રકારની જાતિનો ત્યાગ કરીને મેં આત્માને જાતિ તરીકે માન્યો છે.

કાજ આનન્દઘન સાજ આનન્દઘન
સાજ આનન્દઘન લાજ આનન્દઘન મે. (૨)

**ભાવાર્થ** :- હવે મારે સર્વ પ્રકારના કાર્યરૂપ આનન્દઘન આત્મા છે. આત્મા વિના હવે મારે કોઈ પણ બાહ્ય કાર્યનું પ્રયોજન નથી. બાહ્ય કાર્યોમાં જેવા જેવા પ્રકારની વાસના રહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય છે તેવા તેવા પ્રકારના અવતારો પુનઃ ધારણ કરવા પડે છે. તેથી બાહ્યના સર્વ કાર્યમાંથી લક્ષ્ય હઠાવીને જ્ઞાનાદિ અનંત સુખરૂપ કાર્યમાંજ હું આત્મા છું એમ મેં નિશ્ચય કર્યો છે. આત્મા સિવાય અન્ય સાજનું મારે મમત્વ નથી. આત્માનેજ મેં સર્વ પ્રકારનો સાજ ધાર્યો છે. દુનિયામાં જે લજ્જા ગણાય છે તે ખરેખરી લજ્જા નથી. કેમકે તેથી સત્યસુખ અનુભવાતું નથી. હવે આનન્દ આત્મા જ લાજ છે એમ મેં નિશ્ચય કર્યો છે.

આભ આનન્દઘન, ગાભ આનન્દઘન

નાભ આનન્દઘન, લાભ આનન્દઘન મે. (૩)

**ભાવાર્થ** :– હવે મારે બાહ્ય આભ પર મમત્વ કરવાની જરૂર નથી. બાહ્ય આભ (મેઘ)થી વૃષ્ટિ થાય છે અને તે દુનિયાને જીવાડે છે, પણ સદાકાલ સુખ આપવાને સમર્થ નથી. મારો આનન્દ સમુહભૂત આત્મા ખરેખર આભભૂત છે. તેમાં ઉપશમ-અમૃત ઘન રહ્યો છે. તેની પ્રાપ્તિ બાદ જન્મ મરણના દુઃખ રહેતા નથી. દુનિયાની રીતે બાહ્ય ગાભ-ગર્ભ કહેવાય છે તે પણ સત્યસુખનો પ્રદાતા નથી. તેનાથી દુઃખનો જ અનુભવ થાય છે. આત્મામાંથી જ અનન્ત સુખ પ્રગટે છે તેથી આત્માજ ગર્ભરૂપ છે. આઠ રુચક રૂપ નાભિ તેજ મારો આત્મા છે. નાભિ કમળમાં આઠ રુચક પ્રદેશોનું ધ્યાન ધરતા આત્મ જ્યોતિનો પ્રકાશ થાય છે. બાહ્ય પદાર્થોનો લાભ તે ખરો લાભ નથી-ક્ષણિક છે; ખરા સુખને આપનાર નથી. આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર્યાદિ સદ્ગુણોનો લાભ જ ખરો લાભ છે; તે લાભ આત્મારૂપ છે.

—એમ શ્રીમદ્ આનન્દઘનજી કહે છે.


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનંદમય જીવન હો !

પંન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર

ઉપનિષદના પૌરઋષિને શિષ્યોએ પ્રશ્ન કર્યો : 'ગુરુદેવ ! જીવન દર્શન અંગે કંઈક કહેશો ?'

'આનંદ !' પૌરઋષિએ મૌનના મહાસાગરમાંથી બહાર આવતા માત્ર એક જ શબ્દનો ઉચ્ચાર કર્યો.

'પ્રભો, અમને જીવન દર્શન કરાવો ! જીવન દર્શનનો દીવો અમારા સમજના કોડિયામાં પેટાવો !'

'વત્સ, આ એક જ શબ્દમાં સમગ્ર જીવનનું દર્શન સમાયેલું છે !'

'અમને સ્પષ્ટ નથી સમજાતું....મહાત્મન્ થોડું વધુ વિશ્લેષણ કરવાની મહેરબાની કરશો ?'

'આનંદ એજ આપણા જીવનનું ઉદ્ભવ સ્થાન છે. આનંદ એજ આપણું કેન્દ્રબિન્દુ છે! આનંદ જ આપણો સ્વભાવ છે. આનંદ જ આપણું અંતિમ લક્ષ્ય હોઇ શકે આનંદ અમૃત છે.'

વિષયાનંદ નહી, પણ આત્માનંદ અમૃત છે. વિષયોમાં આનંદની અભિવ્યંજના તદ્દન બેહૂદી અસત્ છે. ઐન્દ્રિક સુખાનુભૂતિ અને આનંદની અનુભૂતિ આત્યંતિક રૂપે અલગ વસ્તુ છે. પ્રિય વિષયોના અભાવમાં, ઇન્દ્રિજન્ય આવેગોની ગેરહાજરીમાં આનંદની અનુભૂતિ ઉઘડતી કળીની જેમ ખીલી રહે, વિકસી રહે એવી સાધના કરવી આવશ્યક છે. સાધના....પ્રત્યેક સાધના માત્ર આનંદની યાત્રા છે ! જીવન આનંદ માટે છે, અસ્તિત્વ આનંદ અર્પે છે !

એવા લોકોને હું જાણું છું/મળ્યો છું. જેઓ શાસ્ત્રોના સારી પેઠે જાણકાર છે, શબ્દોના પ્રભાવી સોદાગર છે પણ વિષાદ ને વિવાદથી અળગા નથી. રીજ અને ખીજથી મુક્ત નથી !

એવા લોકોને બી મેં જોયા છે. કે જેઓ દેરાસરમાં જઇને પરમાત્માને પૂજે છે, સ્તવે છે. પણ ઉદ્વેગના ઊંબરાથી ઉપર નથી ઉઠી શકયા !

એવા લોકોને હું જાણું છુ કે....જેઓ ઘોર તપશ્ચર્યા કરી કરીને દેહને ગાળી દે છે, શરીરને સૂકવી દે છે. પણ એમના ચહેરા પર જુઓ તો મણમણ ઉદાસીનો ઓથાર છવાયેલો છે. વેદનાની ઉધઇ લાગી ગઇ છે એમના અસ્તિત્વને !

આ બધું કેમ ? કારણ કે આ લોકો પાસે 'આનંદ' નામનું અમૃત નથી ! આ લોકો સ્વભાવદશાથી સો ગાઉ દૂર રહ્યા છે, સહજજીવન સહજ અસ્તિત્વની સાથે એમનો સમખાવા પૂરતો યે સંબંધ નથી !

પ્રત્યેક પળ આનંદથી ઓળઘોળ હોવી જોઇએ !

જરીયે ખેદ નહી !
જરાયે ઉદ્વેગ નહી !
કોઈ આવેગ નહી !
કોઈ આવેશ નહી !

વિષાદ નહી !
વિવાદ નહી !
અવસાદ નહી !
કે વિખવાદ નહી !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્ણજ્ઞાની પુરુષો કહે છે: શ્રદ્ધાવાન, જ્ઞાનવાન અને ચારિત્રવાન માણસ ક્યારેય ખેદ, ઉદ્વેગ કે વિષાદથી પીડિત ના હોય શકે!

એની તો આંખોમાં આનંદ ઉછળતો હોય.
હોઠો પર આનંદ ઉઘડતો હોય.
શબ્દોમાં આનંદ ઉભરતો હોય.
હાથમાં આનંદ ઉતરતો હોય.
મનમાં આનંદ ઉમડતો હોય.

ગમે તેવી બાહરી સ્થિતિ હોય કે પરિસ્થિતિ હોય! પૈસા ચાલ્યા જાય, સ્નેહી-સ્વજનો મોઢું ફેરવી લે. આપણા પારકા બની જાય, દુનિયા બદનામ કરી મૂકે, શરીર રોગોના પાશમાં જકડાઈ જાય, છતાંયે મનમાં તો આનંદના દીવા અવિરત જલ્યા કરે! એની જ્યોત ક્યારેય ફીકી ના પડે કે પાતળી ના પડે!

એક વાર સ્વામી રામતીર્થને સરદાર પૂરણસિંહે પૂછી લીધું:

'તમારા જ્ઞાનનું રહસ્ય શું છે?'

'મારા જ્ઞાનનું રહસ્ય એટલે હર હાલતમાં, દરેક પરિસ્થિતિમાં ખૂશ રહેવું! ખૂશખૂશાલ બનીને જીવવું'!'

'પણ એનાથી લાભ શો?'

'ભઈલા, આનંદની અમીરાતથી વધીને બીજો વળી કયો લાભ જોઈએ છે!' જ્યારે હું પૂર્ણરૂપેણ નિશ્ચિત બની જાઉં છું, ત્યારે હું સૃષ્ટિનો શહેનશાહ બની જાઉં છું! આખી દુનિયા ત્યારે મને મારૂં સામ્રાજ્ય ભાસે છે. હું એનો સમ્રાટ બની જાઉં છું!'

કેવી મહત્વની અને લાખ રૂપિયાની વાત કરે છે સ્વામી રામ! સમ્યગ્જ્ઞાન, સાચું જ્ઞાન માણસને નિશ્ચિત અને નિર્ભય બનાવે છે. નિર્ભય અને નિશ્ચિત મનુષ્ય જ સદા-સર્વદા આનંદની અનુભૂતિ કરી શકે, મેળવી શકે!

આનંદપૂર્ણ અસ્તિત્વથી સભર વ્યક્તિના સાંનિધ્ય-સહવાસ માત્રથી જ બીજા જીવોના ક્લેશ-ઉદ્વેગ શમી જાય છે. આવેગો વીરમી જાય છે.

જે લોકોને આવા આનંદપૂર્ણ અસ્તિત્વનો સહવાસ સાંપડે છે એઓ ખરેખર ધન્ય છે! આવા મહાપુરૂષોના સાંનિધ્યથી જેમણે આનંદના અમી ઘૂંટડા મળી જાય છે એઓ તો ધન્યાતિ ધન્ય છે!

આનંદનો અભ્યાસ કરવો જોઈએ! જ્યારે ક્યારેય પણ તમે પ્રકૃતિના ખોળામાં ચાલ્યા જાવ, જ્યાં કુદરતે ખોબે ભરીને સૌન્દર્ય વેર્યું હોય, એવા હરિયાળાં મેદાનો, લીલાછમ પહાડોમાં જ્યારે રખડવાનું મળે ત્યારે આંખો બંદ કરીને પ્રકૃતિના સાંનિધ્યમાં ડૂબી જાજો, પ્રકૃતિમાં ખોવાઈ જાજો, આનંદનો સ્રોત ભીતરમાંથી ફૂટી નીકળશે.

જ્યારે ક્યારેક કોઈ રમણીય તીર્થમાં જાવ, કે જ્યાં લોકોની બહુ ભીડ ના હોય, ટોળાંઓ ના હોય, કોલાહલ કે શોરબકોર ના હોય, ત્યારે ત્યાં રહી જાજો. દેરાસરમાં જાવ તો નયનરમ્ય મૂર્તિની સામે બેસીને બંદ આંખે એ મૂર્તિના સૌંદર્યમાં ખોવાઈ જવાની કોશિશ કરજો. પાર્થિવ ખૂબસૂરતીમાં તો ખૂંપવાનું લખાયુ જ છે લલાટે, ક્યારેક અપાર્થિવ સૌંદર્યમાં ખોવાઈ જવાની મજા બી માણવા જેવી છે! એ છલકાતા પવિત્ર વાતાવરણને ભીતરમાં ભરી લેજો. આનંદથી પરિપૂર્ણ પરમાત્મા પાસેથી આનંદ મેળવીને જ જંપજો.

જ્યારે ક્યારેય કોઈ પ્રસન્નમના મહાત્મા પાસે જવાનું થાય ત્યારે એમના સામે શબ્દોના સાથિયા પૂર્યા વગર મૌનના મોતી વીણવા માટે કોશિશ કરજો, મૌનપણે એમના અસ્તિત્વને માણવાનું શીખજો. આનંદની અવનવી અનુભૂતિ સાંપડશે!

જ્યારે ક્યારેક કોઈ દુઃખી જીવોને સહાયતા કરીને એમના દુઃખમાં સહભાગી થવાનું સદ્-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગ્ય સાંપડે અને તમારા સહયોગના સહારે એના ચહેરા પર સ્મિતની સુરખી છવાઇ જાય ત્યારે તમે પણ આનંદથી ભરાઈ ઉઠજો !

શાંતિનિકેતનમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર, એક વાર પોતાના નિવાસસ્થાનની બહાર મેદાનમાં ખૂરસી નાંખીને બેઠા હતા, આંખો પર પલકોનો પડદો હતો અને હોઠ પર સ્મિતના ફુલો ખીલ્યા હતા. કલાકાર નંદબાબુ આવીને કયારનાયે કવિવરની સમીપે બેસી ગયા હતા. રવીન્દ્રનાથે જ્યારે આંખો ઉઘાડી, નંદબાબુ સામે જોયું, પૂછયું :

'કયારે આવ્યા, નંદબાબુ ?'

'અડધો કલાક થયો હશે, આપ ભાવ-સમાધિમાં લીન હતા.'

'હું આનંદનો અભ્યાસ કરી રહ્યા હતો !'

'આનંદનો અભ્યાસ ? એ વળી શું ? કેવી રીતે ?'

'હાસ્તો, આવા મધુર અને ઉર્જસ્વી વાતા-વરણને હૃદયમાં ભરતો રહું છું. અવારનવાર આનાથી મને આનંદનો અભ્યાસ કરવાની તક મળે છે ! નંદબાબુ, આનંદ એ તો અમૃત છે, અમૃત ! એને લખી ન શકાય કે કહી ના શકાય' અને કવિવર પાછા ડૂબી ગયા આનંદના આ-લોકમાં ઊંડે ઊંડે...!!!

બધા જીવો આનંદને પ્રાપ્ત કરો.

સહુ જીવોના આવેગ, ઉદ્વેગ અને વિષાદ-વિખવાદ દૂર થઇ જાઓ !

**श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम्** ( अष्टमोऽध्यायः )

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendiees આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી આત્માનંદ સભા** ખારગેઈટ, **ભાવનગર.**

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિતળિયો યાને ટિપકીવાળો પટો

( ગતાંકથી ચાલુ )

લે. સર આર્થર કોનન ડોયલ
અનુવાદક : પી. આર. સલોત

થોડી જ મિનિટોમાં અમારૂં ગૃહદ્વાર જોરદાર ધક્કાથી ગાજી ઉઠયું. એક ખડતલ મનુષ્યની કાયા નજરે પડી. મસ્તક પર શ્યામ ઊંચી ટોપી, લાંબો કોટ, હાથમાં ઝુલતો ચાબુક, વિશાળ ભાલ પર અનેક રેખાઓ, સૂર્ય તાપથી તપેલું કપાળ, દુષ્ટ આવેશથી અંક્તિ મુખાકૃતિ વાળો દેહ, એક બાજુથી બીજી બાજુ તરફ ફર્યો. તેને જોતાં જ લાગે કે કોઇ શિકારી પક્ષીનો આભાસ પૂરો પાડે છે,

વ્યક્તિ બોલી, "કોનું નામ હોમ્સ છે ?"

"મારૂં જ નામ, મારો લાભ આપને મળશે. આપ કોણ ?"

"ડો. ગ્રીમ્સ્લી રોયલોટ, સ્ટોક મોરન કુટુંબનો" હોમ્સે નમ્રતાથી કહ્યું, "ખરેખર ! કૃપયા બેસો."

"હું એમ કરી શકું તેમ નથી. મારી ઓરમાન પુત્રી અહીં આવી હતી. હું તેનું પગલું દબાવતો આવું છું. તેણે આપને શું કહ્યું છે ?"

"વર્ષમાં આજે સારી ઠંડી છે." હોમ્સે કહ્યું.

"અરે ! તેણે આપને શું કહ્યું છે ?" આવેશમાં આવી ધારદાર અવાજ સાથે તે બોલી ઉઠયો.

"મેં સાંભળ્યું છે કે પરિણામ સારું આવે."

"શું તમે આડે માર્ગે ચડાવવા માગો છો ? ચાબુક હલાવતાં તેણે કહ્યું. આપ કુટિલ બીરાદરને હું ઓળખું છું. તમે કોઈના માર્ગમાં માથું મારનાર હોમ્સ છો.

મારો મિત્ર હસ્યો.

"કામઠા હોમ્સ"

તેનું હાસ્ય વિસ્તૃત બન્યું.

"સ્કોટલેન્ડ યાર્ડ વાળા હોમ્સ"

હાર્દિક રસાસ્વાદનો અભિનય કર્યો અને કહ્યું, "આપની વાત મજેની છે. જ્યારે આપ અહિંથી પધારો ત્યારે બારણું બંધ કરજો, અહીં તો નર્યો દુષ્કાળ-અનાવૃષ્ટિ છે."

"મારા પ્રશ્નનો જવાબ મળશે ત્યારે જ હું જઈશ. મારા કાર્યમાં વચ્ચે ન આવો. હું ભયંકર માનવી છું." એમ કહી આગળ વધ્યો. સળિયો ઉંચકયો, તેને વાળ્યો અને પડકાર ફેંકયો. મારા હાથમાથી આપ કેવી રીતે મેળવો છો તે હું જોઉં છુ." તેમ કહી સળગામા તેને ફેંકયો.

વોટસન, આપણી બેદરકારીથી આપણી નાની સખીને નુકશાન ન પહોંચવું જોઈએ. નાસ્તો પતાવ્યો. પછી હોમ્સ શહેરમાં જઈ કાર્ય પાછળ લાગી ગયો,

જ્યારે તે પાછો ફર્યો ત્યારે એક વાગી ગયો હતો. તેના હાથમાં નોંધ અને આંકડાથી ભરપૂર ભુરો કાગળ હતો. તેણે કહ્યું, "વોટસન ! મેં તેની પત્નીનું 'વીલ' જોયું તેના રોકાણની વાર્ષિક આવક પહેલાં હજાર પાઉન્ડ થતી હતી. હવે ખેતી પેદાશના ભાવ ઘટવાથી વાર્ષિક આવક ૭૫૦ પાઉન્ડ જેટલી છે. તેમાંથી દરેક પુત્રીને ૨૫૦ પાઉન્ડ વાર્ષિક આવક મળે. દરેક છોકરી પરણી જાય તો પિતાની આવક ખૂબ ઘટે. તેથીજ લગ્નના કાર્યમાં આડખીલી રૂપ બનવાનો તેનો મુખ્ય આશય છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે આપણી ઢીલ ગંભીર નુકશાન કર્તા બનશે; કારણ કે તે ભાઈ આપણો ધ્યેય જાણી ગયો છે. આપ ખીસામાં રીવોલ્વર મૂકી તૈયાર થાઓ. અત્યારે જ ગાડી મંગાવું છું. વોટરલુ જલ્દી પહોંચવું પડે.

તેમજ બન્યું. વોટરલુથી ગાડી મળી ગઇ– લેધરલેન્ડ સુધીની. ત્યાંથી અન્ય વાહન દ્વારા આગળ વધ્યા. વોટસન ગંભીરતા પૂર્વક વિચારી રહ્યો હતો. તેણે મારો ખભો હલાવ્યો અને ઘાસના મેદાન તરફ અંગુલીનિર્દેશ કર્યો.

તે હતું સ્ટોક મોરનનું જૂનું ઘર.

ગાડીવાને તેમાં સુર મીલાવ્યો. અને કહ્યું, “આ રસ્તો ટૂંકો છે જુઓ, પેલી બાનુ જઈ રહ્યાં છે તે તરફથી કેડી માર્ગ જાય છે. આંખ પર છાજલી કરી, દૃષ્ટિ નાખી, હોમ્સે કહ્યું, “હું ધારું છું કે તે કુમારી સ્ટોનર છે. ગાડીવાનનું સૂચન સ્વીકારી, બન્ને ઉતરી પડયા, ભાડું ચૂકવી દીધું.”

વાડ આગળ આવી મેં કહ્યું, “બપોર પછીની શુભેચ્છા. કુમારી સ્ટોનર અમે અમારૂં વચન પાળ્યું છે.” અમને જોઈ તે ખૂબ હર્ષ પામી. અમારી સાથે હસ્તધુનન કરી કહ્યું, “આપની ખૂબ ઈન્તેજારી કરતી હતી. ડોકટર રોયલેટ શહેરમાં ગયો છે, સાંજ પહેલા આવવાની કોઈ વકી નથી.” ડોકટર અમારે ત્યાં આવેલ–તેમ મેં કહ્યું, ત્યારે તેનો દેહ ફીક્કો પડી ગયો. તે શું મારી પાછળ પડેલ ?”

“એમ લાગે છે. પણ તું ચિંતા ન કર. જો તે લુચ્ચાઈ કરશે તો તેનાથી વધુ લુચ્ચાઈ અમે બતાવશું. અમે હવે તારા રક્ષક છીએ.”

પછી મકાનનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. છેવટનો રૂમ ડો. રોયલોટનો, વચ્ચેનો રૂમ તેની બહેનનો અને ત્રીજો કુમારી સ્ટોનરનો.

તે બોલી, “હવે હું વચ્ચેના રૂમમાં રાત્રિ વીતાવું છું, રીપેરીંગ ચાલે છે તેથી.”

પણ અહીં રીપેરીંગની કશી જરૂર જણાતી નથી. આતો મને ખસેડવાની ચાલબાજી છે.”

એમજ લાગે છે, ત્રણે રૂમ નાની પરશાળમાં ખૂલે છે, વળી તેમને બારીઓ પણ છે–જો કે નાના–

“કોઈ તે દ્વારા પ્રવેશી શકે તેમ નથી.”

“આપ અંદર જઈ શટર બંધ કરો.”

તેણીએ તેમ કર્યું. હોમ્સે બહારથી ખોલવા કોશીષ કરી પણ વ્યર્થ. મીજાગરા તપાસ્યા. છરીની અણી ઘુસાડી, ઉંચકવા ઈચ્છા કરી. પણ છરીની અણીજ પેઠી નહિ. ત્યારબાદ અંદરની તલાશ કરી.

એક જાડું દોરડું જોઈ હોમ્સે પૂછ્યું, “આને કોની સાથે સંકલન છે ?

“ગૃહરક્ષકના રૂમ સાથે.”

“બીજી વસ્તુઓ કરતાં આ વિશેષ નવું લાગે છે.”

“બે વર્ષ પૂર્વે જ તે મૂકાયું છે.”

“આપની બહેનની માગણીથી ?”

“ના, મારી બહેને તેનો કદી ઉપયોગ પણ કર્યો નથી. અમારે અમારી જોઇતી ચીજો જાતે જ મેળવવાની હોય છે. હોમ્સે ભોંયતળિયું તપાસ્યું. પાટિયા પરની તીરાડો તપાસી, છેવટે પથારી નજીક ગયા. દોરડું ખેંચ્યું. જણાયું કે તે ‘ડમી’ મુંગું હતું–કોઈ ઘંટ વગાડે તેમ ન હતું. ‘અરે ! વોટસન જો તો ખરો, તન કોઈ તાર સાથે જોડેલ નથી પણ વેન્ટીલેટર ઉઘડે છે તે સ્થળે હુક સાથે જોડેલ છે.”

“કેવું અર્થવિહિન ! આવું તો કયાંય નજરે પડયું નથી.”

હોમ્સે કહ્યું, “ઘણું વિચિત્ર ! અરે ! આ વેન્ટીલેટર તો બીજા રૂમમાં ઉઘડે છે.”

કુમારી સ્ટોનરે કહ્યુ, “તે તદ્દન અદ્યતન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘંટડીના દોરડાની સાથે જ તેની ઉત્પત્તિ બની છે,"

પછી તેઓએ ડોકટરનો ઓરડો તપાસ્યો. તેમાં એક સેઈફ જોઈ અને પૂછયું., "આમાં શું છે ?"

"મારા પિતાના ધંધાને લગતા કાગળો."

"શું તમે તે જાતે જોયા છે !"

"હા, થોડા વર્ષો પૂર્વે."

"શું તેમાં બીલાડી નથી ?"

"ના, કેવી વિચિત્ર વાત !"

"સારું આ જુઓ,"—એમ કહી કબાટ ઉપરથી દૂધની રકાબી ઉતારી બતાવી.

"ના અમે બીલાડી પાળી નથી. ચિત્તો અને વાનર છે. વિશેષ તપાસ કરતાં તેની નજર ચાબુક પર પડી. તેને ગુંચળું વાળી લટકાવેલ.

વોટસન ! આપ શું ધારો છો ?

"એ તો સાદો ચાબુક છે."

"અરે ભાઇ ! તે સામાન્ય નથી. ગુન્હા તરફ જેનું મન વળેલું હોય છે ત્યારે તે ખતરનાક બને છે."

બહાર નીકળી હોમ્સે કુમારિકાને કહ્યું, "હવે દરેક બાબતમાં આપે મારી સલાહ પ્રમાણે વર્તવું પડશે."

"ચોક્કસ, હું આપ કહેશો તેમજ કરીશ."

"ઢીલ પોસાય તેમ નથી. આપની આજ્ઞાંકિતતા ઉપર આપનું જીવન અવલંબે છે."

"ખાત્રી આપું છું કે દરેક આજ્ઞાનો અમલ થશે જ."

"પ્રથમ હું અને મારો મિત્ર આપના ઓરડામાંજ રાત્રિ વીતાવશું."

તે સાંભળી વોટસન અને કુમારીકા વિસ્મિત બન્યા.

"હા, તેમજ થશે, વળી હું સમજાવું-પેલી છે તે ધર્મશાળા ખરૂંને ?"

"હા, તે ક્રાઉન-ધર્મશાળા."

"સરસ, ત્યાંથી આપના રૂમની બારીઓ દેખી શકાય છે ?"

"ચોક્કસ."

"તમારે માથાના દુ:ખાવાના બ્હાના તળે તમારી રૂમમાં જ રહેવાનું છે—જ્યારે તમારા ઓરમાન પિતા આવે ત્યારે પણ, જ્યારે તે રાત્રિના તેના રૂમમાં સૂવા જાય ત્યારે બારીના સટર્સ ખોલી નાખવા, તેના પર નિશાની રૂપે એક દીપક મૂકવો."

હા, બરાબર"

બાકીનું અમારા પર છોડો.

"પણ આપ શું કરશો ?"

"અમે તમારા રૂમમાં રાત્રિ વીતાવશું જે અવાજ તમને ડરાવે છે તેની તલાશ કરશું."

"આપે અફર નિર્ણય કર્યો છે ?"

"કદાચ"

"તો પછી કહો—મારી બ્હેનના મૃત્યુંનું કારણ કહો."

"હું જણાવું તે પહેલાં તેની સાબિતી રજુ કરવાનું હું વધુ પસંદ કરૂં છું."

"મારી બહેનના મૃત્યુનું કારણ કહો. શું તે ખરેખર ભયથીજ મૃત્યુ પામી હતી ?"

"ના, હું એમ ધારતો નથી. બીજુંકોઈ કારણ છે. પણ અમારે હવે જવું જોઇએ. જો ડોકટર આવે અને અમને જોય જાય તો અમારી મુસાફરી એળે જાય. બહાદુર બનો.

"સલામ, અમારા કથન પ્રમાણે ચાલશો, તો ભયને હાંકી કાઢશું,"

અમે "ક્રાઉન ઇન"માં બેઠક રૂમ અને શયન રૂમ મેળવી લીધાં. તે ઉપલે માળે હતાં. ત્યાંથી એવેન્યુ દરવાજો અને સ્ટોકમોરન ગૃહ નજરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડતાં. સંધ્યા સમયે ડોકટર ગાડીમાં આવી પહોંચ્યો, લોખંડના દ્વાર ખોલવામાં છોકરાને વાર લાગતાં, તે ગર્જ્યો અને મારવા મુઠી ઉગામી. એક બેઠક રૂમમાં દીપક પ્રગટયો, તે અમે અહિંથી જોઇ શકયા.

"વોટસન! આપને સાથે રાખતા મન પાછું પડે છે."

"હું ત્યાં આપને ઉપયોગી થઈ શકીશ?"

"તમારી હાજરી ખૂબ જરૂરી છે"

"તો હું જરૂર આવીશ."

"આપનો આભાર."

વૃક્ષો વચ્ચે આવેલ મકાનમાં ૯ વાગે બત્તી હોલવવામાં આવી. બે કલાક મંદ ગત્તિએ પસાર થયા. એકાએક ૧૧ વાગે અમારી સામે એક પ્રકાશ ચમકયો.

પગભર ઉભીને કહ્યું, "તે જ સૂચના-ચિન્હ વચ્ચેની બારીથી આવે છે."

બહાર નીકળતાં અમે માલિક સાથે વાત કરી. અમે એક સંબંધીને મળવા જઇએ છીએ. કદાચ રાત્રિ ત્યાંજ વીતે. અમે આગળ વધ્યા. ઠંડો પવન થપાટ લગાવી રહ્યા હતો. ત્યારે એક પીળો પ્રકાશ અમારા હેતુને અનુરૂપ સૂચન આપી રહ્યો હતો.

મુશ્કેલીથી રસ્તો કરતાં આગળ વધ્યાં. જેવા અમે બારીમાંથી પ્રવેશ કરવા જતાં હતાં તેવામાં એક ભયંકર દેખાવનું બાળક ઘાસ પર પટકાયું અને ઝડપથી અંધકારમાં ઓગળી ગયું.

"હે ઇશ્વર! આપે જોયું કે?"

હોમ્સ પણ આશ્ચર્ય પામેલ પણ તુરત જ યાદ આવ્યું કે તે તો માંકડું હતું, પછી અમે અંદર પ્રવેશ્યા. હોમ્સે અવાજ કર્યા વગર શટર બંધ કર્યા, બત્તી મેજ પર મૂકી ચોમેર દૃષ્ટિ ફેરવી.

"સ્હેજ પણ અવાજ આપણો વિનાશ નોતરશે."

વોટસેને 'હા'માં માથું હલાવ્યું.

બત્તી હોલવવી પડશે કદાચ તે વેન્ટીલેટર દ્વારા જોઈ જાય.

હોમ્સે કહ્યું, "ઉંઘતા નહિ, રીવોલ્વર તૈયાર રાખજો, હું પથારી પાસે બેસું છું. તમે ખુરશી પર બેસો."

વોટસને રીવોલ્વર બહાર કાઢી, ટેબલ ઉપર મૂકી, હોમ્સ પાસે નેતરની સોટી હતી. તે તેણે બાજુમાં તૈયાર રાખી. પાસેજ દીવાસળીની પેટી અને મીણબત્તી રાખ્યાં, પછી બત્તી હોલવી; અને અંધકાર ઓઢી લીધો. કેટલોક સમય આ સ્થિતિમાં પસાર થયો. એકાએક વેન્ટીલેટરની દિશામાં પ્રકાશ ચમકયો અને તરતજ બંધ. બળતા તેલની કડક વાસ અને ગરમ થતી ધાતુની વાસ આવી. બાજુના ઓરડામાં કોઇકે બત્તી પેટાવી હતી. હલનચલન ને ધીમો અવાજ સંભળાયો. પછી નરી શાંતિ. એ રીતે અર્ધો કલાક વીતી. પછી કીટલીમાંથી નીકળતી વરાળના સુસ્કારા જેવો અવાજ સંભળાયો. તેજ ક્ષણે હોમ્સ કૂદયો દીવાસળી પેટાવી અને બેલના દોરડાને સોટીથી ફટકાર્યું.

"વોટસન, જોયુંને? જોયુંને?"

પણ તેણે કશું જોયું ન હતું. જ્યારે હોમ્સે દીવાસળી પેટાવી ત્યારે મેં ધીમે સ્પષ્ટ સુસ્કાર જેવું સાંભળ્યું. પણ વોટસનની આંખો અંજાઈ ગઈ હતી. કોને હોમ્સે ફટકાર્યો તે તેને ખબર ન પડી. પણ તેણે જોયું તો હોમ્સનો ચહેરો ભયગ્રસ્ત અને ફીક્કો બની ગયો હતો.

તેણે ફટકારવાનું બંધ કર્યું હતું અને વેન્ટીલેટર તરફ તાકી રહ્યા હતો. તે જ સમયે બાજુના ઓરડામાંથી એક ભયંકર ચીસ સભળાઈ, તેમાં મિશ્રિત હતાં ક્રોધ, ભય અને દર્દ, તે ચીસે આજુબાજુના લોકોને જાગૃત કર્યા. અમારા હૃદય થીજાવી દીધા, તેઓ એક બીજા સાથે તાકી રહ્યાં. છેવટે ઉદ્ભવસ્થાનમાં જ ચીસ વિલય પામી.

"આનો અર્થ શો?" વોટસને કહ્યું,"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોમ્સે કહ્યું, બસ, બધુ જ પતી ગયું–તે પણ ઉત્તમ પ્રકારે. રીવોલ્વર ઉઠાઓ આપણે રોયલોટના રૂમમાં જઈએ.

ગંભીર ચહરે તેણે દીવો પ્રગટાવ્યો. પરસાળમાં થઈને દાકતરના રૂમ પાસે ગયા. બારણું ખખડાવ્યું, અવાજ ન આવ્યો. આગળિયો ફેરવ્યો અને બન્ને અંદર દાખલ થયા.

તેઓની દૃષ્ટિ પર અકલ્પ્ય ચિત્ર પડયું.

મેજ પર શ્યામ દીવો હતો. શટર અર્ધ ખુલ્લા હતા. તેજુરી ઉપર તેજમય કિરણ પડતું હતું. તેજુરીનું બારણું ખુલ્લું હતું. લાકડાની ખુરશી ઉપર ડોકટર બેઠો હતો–ભુરો જભ્ભો અને પગમાં ટર્કીશ ચંપલ. ખોળામાં લાંબો ચાબુક. સિલિંગ તરફ આંખો જડાઇ હતી. તેના ભવાં ફરતો વિચિત્ર પીળો પટ્ટો–ટીપકીવાળો. જાણે કે જોરથી કપાળ પર બાંધ્યો ન હોય. તેઓ પ્રવેશ્યા ત્યારે તેણે ન કર્યો અવાજ કે ન થઇ કોઇ ગતિ.

હોમ્સે ધીમેથી કહ્યું, "ટીપકી વાળો પટ્ટો! વોટસને એક પગલું આગળ ભર્યું. તરત જ દાકતરના વાળમાંથી નાનકડું સર્પનું માથું બહાર આવ્યું.

હોમ્સે બૂમ પાડી, "એ છે એડર જાતનો સર્પ – સૌથી ભયંકર. દંશ પછી દશ સેકન્ડમાં દાકતર ખલાસ થઇ ગયો છે. હિંસા હિંસા કરનાર પર ધસી આવે છે–તે સત્ય છે. ખાડો ખોદનાર ખાડામાં પડે છે. ચાલો આપણે આ પ્રાણીને તેની ગુફામાં ધકેલીએ. કુમારિકાને કોઈ સહીસલામત સ્થાને લઈ જઇએ. પછી ભલે પોલિસ બનાવ વિષે જાણકારી મેળવે. તેમ કહી તેણે ડાકટરના પગ પાસેથી ચાબુક ખેંચી લીધો. સર્પની ડોકમાં ગાળિયો કરી ફંકયો અને ભયંકર સ્થાનમાંથી ઉપાડી, તેજુરીમાં મૂકયો અને તેજુરી બંધ કરી.

કોઈના અધિકાર કે હક ઉપર ત્રાપ મારવી અને ઝુંટવી લેવા પ્રયત્ન કરવો તે ભયંકર દોષ છે.

બીજાના જાન સાથે બાજી ખેલવા જતાં, બાજી પોતાનાજ જાન પર ખેલાય છે, કુદરતને ત્યાં ડેર છે પણ ન્યાય છે.

ક્રોધ માનવીનો મહાન દુશ્મન છે. માનવીની સારી એવી કારકીર્દિમાં ધૂળ મેળવી દે છે.

પાશવી બળ પર આધાર રાખવો નરી મૂર્ખતા છે. માયાની જાળ બીજાને સપડાવે કદાચ, પણ અંતે જાળ ગુંથનાર તેમાંજ સપડાય છે. માટે ક્રોધ પર વિજય મેળવવા પ્રયત્નો કરો. કપટી રીતરસમને તીલાંજલી આપો. પોતાને જે મળે તેમાં સંતોષ રાખી સુખી જીવનની મજા મ્હાણો.

(સંપૂર્ણ)


## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર ( સારાષ્ટ્ર )




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્યં સદા વિજયતે

-: લેખક :-
શાસ્ત્રી રમેશ લાલજી
ગાલા, (લાયની મોટા)

સત્યનો હંમેશા જય થાય છે, શાસ્ત્રકારો કહે છે કે જ્યાં સત્ય ત્યાં ઈશ્વરનો વાસ છે એટલે ઇશ્વર પ્રાપ્તિ માટે ક્યારે પણ અસત્ય બોલવું નહિ. સત્ય કાર્યમાં અહર્નિશ હિંમત રાખી શુભ પ્રવૃત્તિ આદરવાથી વિજયની પ્રાપ્તિ થાય છે, પછી ભલે લોકો તરફથી અહોભાવ મળે કે નહિ. જે શુભ કાર્ય કરતો હોવા છતાં ભય, શરમ, લજ્જા કે મુશ્કેલી ગણે છે તે ક્યાંરે પણ વિજય મેળવી શકતો નથી. [ સત્યને દર્શાવતી એક સુંદર કથા જાણવા જેવી છે. ]

એક નગરમાં એક સંત બાવાજી સત્યાસત્યનો ઉપદેશ આપી રહ્યા હતા, લાખોની સંખ્યામાં શ્રોતાજનો એ ઉપદેશ ઝીલી રહ્યા હતા. ઊપદેશાન્તે સંતજીએ કહ્યું કે સંતના સમાગમમાં આવ્યા પછી જો એકાદ નિયમ નહિ સ્વીકારીએ તો આપણા જેવો પામર જીવ બીજે ક્યાંય મળવો દુર્લભ થશે. આ વાત સાંભળી સૌ શ્રોતાજનોએ ઊભા થઈ કહ્યું, "મહાત્માજી! અમને તમે એવી આપત્તિમા પણ ખોટું ન બોલવાની પ્રતિજ્ઞા આપો," સૌ શ્રોતાજનોનો એક જ અવાજ સાંભળી સંતજી અચરજ પામી ઉભા થઈ ગયા અને પાછળ જોયું તો એક માણસ બેઠેલો જોવાયો. માણસને જોઈ સંતજીથી રહેવાયું નહિ, તેણે મોટેથી કહ્યું, "હે ભલા! બધા સિંહો ઊભા થઈ ગયા, તો આપ સાહેબ કેમ વિલંબ કર્યો?" સંતજીનો અવાજ સાંભળી પેલો માણસ ઉઠી સાહેબજી પાસે આવ્યો અને કહ્યું, "હે પુણ્ય આત્મા! મારાથી સત્ય પાળી શકાય તેમ નથી એટલે ક્ષમા માગું છું" અરે ભલા માણસ! **મહાજનો યેન ગતઃ સ પંથાઃ** એમ શાસ્ત્રોક્તિ છે એ શું તમે નથી શમજતા? વળી હે ભાગ્યવાન્! તું સત્યની પ્રતિજ્ઞા લઈશ એટલે તારી પત્ની તારાથી દૂર રહેશે ખરી? "હા, મહાત્માજી! તમે કહો છો એમ જ છે તે જ સત્ય છે." એમ કેવી રીતે? સંતજીએ હસીને પૂછ્યુ, ત્યારે પેલાએ આતુરતાથી જવાબ આપ્યો, "હે મહાત્મા! હું મારી સ્ત્રી પાસે જ્યારે સત્ય હકીકત કહેવા બેસું ત્યારે એ દૂર ખસી મારાથી રિસાઈ જાય છે એટલું જ નહિ પણ ક્યારેક પિયરે જઈ અહીં [ મારા ઘરે ] આવવા ચોખ્ખી ના કહી દે છે. માટે હે સંતજી! આવી પ્રતિજ્ઞા હું લેવા સમર્થ નથી." આટલું કહી તે ત્યાંથી પોતાને માર્ગે ચાલ્યો ગયો. બાકીનાઓને પ્રતિજ્ઞાથી શુશોભિત કરી આશીર્વાદ આપી છૂટા કર્યા.

પ્રતિજ્ઞા લેનારાઓમાં ઘણી સ્ત્રીઓ પણ હતી, તેમાં એક સાંઇ નામની પણ સ્ત્રી હતી, તેને આ સંતજીનો ઊપદેશ નસેનસમાં લાગી ગયો હતો, સંતજીનો ઊપદેશ સાંભળ્યા બાદ ભય-શરમ-લજ્જા કે મુશ્કેલીને જોયા વગર સત્ય કામ કરવામાં એ આતુર રહેતી-ક્યારે પણ અચકાતી નહિ.

થોડા સમય બાદ એક વખત મહા ભયંકર દુકાળ પડયો, ચારે દિશામાં ક્યાંય પાણી નહિ, માનવીઓ તો શું પણ પશુ-પક્ષીઓ પણ પાણી વગર તડફડવા લાગ્યા, અન્ન અને પાણી વગર જીવવું મુશ્કેલ થઈ પડયું એટલે બધા જીવન જીવવા બીજે જતા રહ્યા. આથી એ દેશના રાજા 'એભલ'ને ચિંતા થઈ, ને પ્રજાનું દુઃખ દૂર કરવા વિચાર કરવા લાગ્યો, વિચારાન્તે પોતાના પુત્રને રાજ્ય સોંપી ઘોડે સવાર થઈ પોતાના મહેલથી જંગલમાં જતો રહ્યો, ત્યાં એક વિદ્યાધર જ્યોતિષીઓનું મઠ જોયું. તેમાં વેદ જ્ઞાતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુપ્રસિદ્ધ ચુનંદા નામે એક પ્રખર જ્યોતિષ હતો, આ મહાપ્રભાવિક મહાત્માને જોઈ રાજાએ નમ્રતા ભાવે કહ્યુ, "હેમહાત્માજી! त्वं प्रभाविकः तपस्वी पूज्यात्मा अस्ति। अहमिच्छामि मम कार्यम् कुरु। राज्ञः वचनं श्रुत्वा ज्योतिष अक्दत, राजन, राजन। दर्शय दर्शन। ત્યારે રાજાએ પોતાની વિગત કહેતા કહ્યું, "હે જ્યોતિર્ધર! અમારા પ્રદેશમાં મહા ભયંકર દુકાળ પડે છે એ અટકાવવા કોઈ સારો ઉપાય બતાવો જેથી મારી પ્રજા સુખી થાય," આ વાત સાંભળી પોતાના વિદ્યાના બળથી જ્યોતિષિએ કહ્યું, હે રાજન્! મેલી વિદ્યાના જાણનાર કોઇકે મૃગલાના શિંગડે મંત્રેલું માદળીયું બાંધી દીધેલ છે એ માદળીયું છૂટે તો તમારા દેશમાં વરસાદ પડે એવી સંભાવના છે."

મંત્રના જાણનાર જ્યોતિષની વાંત સાંભળી રાજા તરત જ મૃગલાની શોધમાં નીકળ્યો થોડા દિવસોના પ્રયત્નો બાદ એ કાર્ય સિદ્ધ કર્યું અને મુશળધાર વરસાદ વરસ્યો. અતિ વરસાદને કારણે રાજા પોતે પણ પાણીથી લદબદી ગયો અને ઠંડીથી ધ્રુજવા લાગ્યો જેમ તેમ રસ્તો ઓળંગી નેસમાં પહોંચ્યો. ત્યાં દૂરથી એક સુંદર મકાન દેખાયું. મધરાતનો સમય હતો, આજુબાજુ વિસામાં જેવું ન દેખાતા રાજા પોતાના ધ્યાનમાં ઘોડાને હંકારતો આગળ ને આગળ જઈ રહ્યા હતો. ત્યાંજ દૂરથી આવતા ઘોડાનો હણહણાટ શબ્દ સાંભળી પેલા મકાનમાંથી એક સ્ત્રી બહાર આવી, જોયું તો એક અસવાર ભીને કપડે તરબોળ, ઘોડાને હાંકતો હાંકતો આગળ ધસી રહ્યા હતો આ દૃશ્ય જોઈ પેલી બાઈ દયાથી પીગળી ગઈ અને ભય રાખ્યા વગર ઘોડેસવાર પાસે ગઈ અને તેને ચિંતા મુક્ત કરી પોતાના મકાનમાં લઇ આવી. એટલું જ નહિ પણ જેમ માતા પુત્રની, પત્ની પતીની તેમ આ જુવાન બાઈ અજાણ્યા ઘોડેસવારની સંભાળ રાખવા લાગી, એના ભિંજાઇ ગયેલા વસ્ત્રો કાઢી એક બાજુ સુકવ્યા, શરીર લૂંછી શરીરની ધ્રુજારીને દૂર કરવા લાગી. આમ માતા જેમ બાળકને તેમ પેલી સ્ત્રી ઘોડેસવારને બાકી રહેલી રાત્રિ દેહની ગરમીનો સ્પર્શ કરાવતી પાસે રહી. રાત્રિના છેલ્લા પ્રહોરે પેલા પુરુષની ચેતનામાં જાગૃતિનો સંચાર થયો આંખો ખોલી જુએ છે તો પડખામાં જ માતાની જેમ અજાણી–ચારણ માતાને જોઈ વિચારવા લાગ્યો કે ખરેખર આજે પણ આ પાવન પૃથ્વી ઊપર સતીઓ છે. ધન્ય જનની અને જન્મભૂમિને કે જે કળિયુગમાં પણ ઉપકાર કરનારી મારી માતા સમાન આ સ્ત્રી આજે જોવાઈ. આમ એક સતી નારીનો ઊપકાર માની, આશીર્વાદ મેળવી સવાર થતાં જ પોતાના પ્રદેશ તરફ રવાના થયો.

આ બાજુ પોતે કરેલ રાત્રિ દરમિયાન ઉપકાર વૃત્તિ બીજે દિવસે પોતાની સખીઓને જણાવી દીધી અને દુનિયાને તો બીજાની ફજેતી કેમ થાય એ જ જોઇતું હોય. એટલે આ બાજુ પણ સાંઇની વાત સાંભળી એની ઠેકડી ઊડાડવા લાગી, અને મશ્કરી કરવા લાગી, કોઈ ખરાબ બોલ બોલવા લાગી, કોઇ એને વેશ્યા વગેરે પણ કહેવા લાગી, કોઇ એનાથી દૂર રહેવા લાગી, કોઈ એને ભિખારણ સંબોધવા લાગી, આવી તો અનેક વાતોથી એને સતાવવા લાગી, પણ આટલાથી સતીઓ ડરી જાય તો સતી કહેવાય કેવી રીતે? એ તો લોક નિંદાથી ડર્યા વગર પોતાનું કાર્ય કરવા લાગી.

હવે થોડા દિવસો બાદ પરદેશ ગયેલા બધા પાછા ફર્યા સાથે સાંઇનો પતિ પણ પાછો આવ્યો. પણ લોકો પાસેથી સાંઈની હકીકત સાંભળી, ઘરમાં પ્રવેશ ન કર્યો અને સાંઇને જેમતેમ કહેવા લાગ્યો, આ બધુ સહન કરતી પતિને સમજાવતી કહેવા લાગી, "હે પતિદેવ! દુનિયા દોરંગી છે. તુચ્છ અને હલકટ સ્વભાવની સ્ત્રીઓ તરફ પુરુષે ધ્યાન આપવું ન જોઇએ, છતાં આપને મારા તરફ

( અનુસંધાન પાના નં. ૧૨૭ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનામૃત



-: લેખક :-
રતિલાલ માણેકચંદ શાહ
મુ. નડીઆદ

જ્ઞાનનું ફળ વિરતિ છે, જ્ઞાનનું ફળ ત્યાગ છે, સંયમ છે, પરિણતિની નિર્મળતા છે.

(૧) તત્ત્વ સંવેદન જ્ઞાન જોઈએ, (૨) આત્માનુભવ બરાબર જોઈએ, (૩) અંતરની જ્યોતિ બરાબર જાગ્રત થવી જોઈએ, (૪) અંદરથી સાચી પરીક્ષા થવી જોઇએ. સ્વ-પરનું જ્ઞાન અને ઉંડાણમાં તેનું દર્શન અને પ્રતીતિ થાય ત્યારે આનંદઘન પદની પ્રાપ્તિ થાય માટે અનુભવ કરો, અંતર જ્યોતિ જગાવો અને ઘટ-અંતરને પરખો, તે ખરૂં આનંદનું સ્થાન છે, ત્યાં અનંત આત્મ દર્શન છે, ત્યાં સંપર્ક, સંબંધ કે મૂંઝવણનો અંત છે, ત્યાં અનંત આત્મ દર્શન છે મોક્ષપ્રદ છે. ત્યાં જાગતી જ્યોત છે અને ત્યાં છેવટે નિર્વાણ મોક્ષ છે. અંદર ઊતરો અને તે જણાશે, રહસ્ય શોધો, અને તે આવિષ્કાર પામશે. પૃથક્કરણ કરો અને તે તરી આવશે, વલોવો તો માખણ ઉપર તરી આવશે, આપણો વેપાર માખણ મેળવવાનો જ હોવો ઘટે, છાશમાં ભરમાઇ જવું ન ઘટે, પુરુષાર્થ કરો તો પામશો, બારણું ખટખટાવશો તો ખુલશે માટે અનુભવ જગાવો અને ઘટ અંતરને પરખો.

યોગી અંદર જ છે, તેને બહારમાં શોધવા જવું પડે તેમ નથી. તેની પરીક્ષા કરવી પડે તેમ નથી, તે ઘટ-અંતરમા છે, એ સાચી ધ્યેય મૂર્તિ છે, એ ધ્યાતા છે, એ ધ્યાનથી પ્રાપ્ય છે અને ધ્યાન કરનાર પણ છે તેસ્વયં, આનંદનો ઘન હોઈ આનંદ પદને પામનાર પણ એજ છે, આ વાતનું જે સંવેદન કરે તે ખરો ગુરૂ છે અને સાચો યોગી છે.

તત્ત્વામૃત પામવાની દુર્લભતા ખાસ ધ્યાન ખેંચે તેવી છે, વલોણું વલોવનારની ઇચ્છા તો તર માલ પોતાને હસ્તગત કરવાની હોય પણ વલોવતાં આવડે નહિ, તો માખણ છાશ સાથે મલી જાય, માત્ર માખણને તારવી લેવું અને સહેજ પણ બગાડ થવા ન દેવો એ તો હોંશિયારીનું કામ છે, અહીં ગગન મંડળ એ ભગવાનની વાણી છે. આકાશ દ્વારા એ કાન સુધી પહોંચે છે, ગણધર દ્વારા એ ગૂંથાય છે-(જમાવાય છે), અને વલોણા દ્વારા પ્રત્યેક પ્રાણી સુધી તે પહોંચે છે, બાકી તો વખતસર લેવા આવે તો ઘણાખરા તેવા ભવ્યોને છાશ મલે છે, ખરો માલ અમૃત છે તે તો કોઈ ભાગ્યવાન વિરલાને મલે છે.

'ગગન મંડલ મેં ગાય વીઆણી, વસુધા દૂધ જમાઈ,
સઉરે સુનોભાઇ! વલોણું વલોવે તો,
તત્ત્વ અમૃત કોઇ પાઈ-અવધૂ-૫

શાસ્ત્રોના શાસ્ત્રો વાંચી જાય, સાંભળી જાય કે ગોખી જાય પણ જો પૃથક્કરણ શક્તિ કે તુલનાત્મક શક્તિ ન આવી હોય તો દુરાગ્રહમાં પડી જાય, તત્ત્વજ્ઞાનમાં એકાંત મઈ થઈ ગયો કે તત્ત્વ દૂર ચાલ્યું જાય છે, પછી તે વિચારણા કરે કે વાદવિવાદ કરે પણ એનું પૂર્વબધ્ધ ચિત્ત તત્ત્વને પ્રાપ્ત કરી શકતું નથી. એ સત્યની બીજી બાજુ જોઈ શકતો નથી અને સાધન ધર્મોની વિચારણામાં તો આ વાત ભારે આકરું રૂપ લે છે. સાધનને સાધનની કોટિમાં રાખવાને બદલે એને સાધ્ય ધારી મોટી યુદ્ધ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂમિકાઓ ઊભી કરી દે છે, અર્થ વગરની ચર્ચાઓમાં આખો ઉદ્દેશ ભૂલી જાય છે અને પોતે જે રીતે સાધનધર્મો કહે, તેનાથી જરા પણ જુદા પડનારને ગમે તેટલાં હલકાં સંબોધનો આપવામાં તેને જરાપણ સંકોચ થતો નથી. આ પરિસ્થિતિ જ્યાં થાય ત્યાં તત્ત્વ અમૃત પ્રાપ્ત થયું નથી એમ સમજવું.

ધર્મની બાબતમાં બાહ્યાડંબરને સાધ્ય માનવામાં આવે, નિર્માલ્ય ઝગડાઓ શરૂ કરવામાં ઈતિ કર્તવ્યતા ધારવામાં આવે, ત્યાં તત્ત્વામૃત મેળવવાની ભાગ્યશીલતા પ્રાપ્ત થઈ નથી તેમ સમજવું, માત્ર ક્રિયામાં પરિપૂર્ણતા માનવામાં આવે, ક્રિયા અંતગર્ત રહેલા રહસ્યને સમજવાનો પ્રયત્ન પણ ન કરવામાં આવે, ત્યારે સમજવું એ પ્રાણીને ખરું તત્ત્વ રહસ્ય પ્રાપ્ત થયું નથી.

ઘણી વખતે તો ધર્મને નામે પશ્ચાત્ ગતિ થઈ જાય છે, ક્રિયા કરવાને નામે મગજ ફરતી આંધી ચઢાવી દેવામાં આવે છે અને ધર્મિષ્ઠ દેખાવાનો ડોળ કે ભ્રમમાં ધર્માંધતાને પોષવામાં આવે છે. અહીં તત્ત્વામૃતની પ્રાપ્તિ થઇ નથી, પણ માત્ર છાશ મળી છે એમ જાણવું. ઇંદ્રિયના ભોગે ને કાળા ભયંકર સર્પના શરીર જેવા જાણીને, મોટાં રાજ્યને ધૂળ સમાન જાણીને, બંધુઓને બંધના કારણરૂપ જાણીને વિષયોને ઝેર મેળવેલાં અન્ન સમાન જાણીને, ઋદ્ધિને રાખોડીની સગી બહેન સરખી જાણીને અને સ્ત્રીઓના સમૂહને તરખલાના ઢગલા સમાન જાણીને તે સર્વ પદાર્થો ઉપરની આસક્તિ તજી દઇ, તેનાથી અનાસક્ત રહી, એટલે તેમના તરફ રાગ-દ્વેષથી અનાકુળ રહી, વૈરાગ્ય વાસિત બની વિરક્ત આત્મા મુક્તિને પ્રાપ્ત કરે છે.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વૈરાગ્ય પર આખું અષ્ટક લખી દસમાં અષ્ટકમાં વૈરાગ્યના ત્રણ પ્રકાર બતાવે છે, આર્તધ્યાન નામક, મોહગભિત અને સજજ્ઞાન સંગત–આ ત્રણે પ્રકારો બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે, ઇસ્ટ વસ્તુનો વિયોગ થાય, ન ગમે તેવી વસ્તુ મળી જાય, તેને પરિણામે માનસિક ક્ષોભ થાય અને વસ્તુ તરફ અશુચિ થાય તે આર્તધ્યાન નામક વૈરાગ્ય છે, ઐરી કે છોકરો મરી જાય, જેલમાં જવાનું થાય, પૈસો ખોઈ બેસાય કે આગ પાણીથી નુકશાન થાય, ત્યારે ઉપર ચોટિયો વૈરાગ્ય થાય છે તે આર્ત ધ્યાનાત્મક કહેવાય છે, આમાં હેય ઉપાદેય બુદ્ધિ હોતી નથી, ઉદ્વેગ, વિષાદ, કલ્પના તરંગ આદિને વશ થઈ પ્રાણી વિરાગ દેખાડે તે માત્ર વ્યવહાર દૃષ્ટિએ વૈરાગ્ય કહેવાય છે, એને આત્મ વિકાસમાં કશું સ્થાન નથી, આવા વૈરાગ્યને કેટલાક દુઃખ ગર્ભિત વૈરાગ્ય પણ કહે છે. મોહથી પણ વૈરાગ્ય થાય છે. મોહ એટલે અજ્ઞાન, આત્માનું સ્વરૂપ બરાબર જાણ્યા સિવાય એકાત દૃષ્ટિએ એને નિત્ય કે, અબધ્ય માનીને સંસારની નિર્ગુણતા સમજીને વિરાગ થાય તે મોહ ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. એમાં સંસાર તરફ, વિષયો તરફ અરુચિ થાય છે, પણ વસ્તુઓનો અને આત્માનો સંબંધ બરાબર ઓળખાયેલો ન હોઈ પૂરતો લાભ લઈ શકતો નથી. આ અજ્ઞાન જન્ય વૈરાગ્ય છે. ઉચ્ચ કોટિના સાચા વૈરાગ્યની ભૂમિકામાં સમ્યગ્જ્ઞાન હોય છે. વસ્તુને વસ્તુગતે ઓળખી જીવ–અજીવનો પરસ્પર સંબંધ વિચારી ત્યાગવૃત્તિ થાય તે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. એ પ્રાણી દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખે છે, સંસાર ભ્રમણના કારણને સમજે છે, અને વિશિષ્ટ બુદ્ધિ –સમજ પૂર્વક સ્વ–પરના વિવેચન સાથે ત્યાગ કરે છે, તે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય છે, સિધ્ય સાધન આ વૈરાગ્ય થઇ પડે છે. અને પ્રાણીઓને સાધ્ય સુધી પહોંચાડી દે છે. મોક્ષના સાધનમાં આ વૈરાગ્યને ખાસ સ્થાન છે. આ વૈરાગ્ય એ સમ્યક્ત્વનું લીંગ છે. અને તેનો સમાવેશ ' નિર્વેદ ' શબ્દમાં કરવામાં આવ્યો છે. વિકાસ માર્ગમાં એની ખૂબ ઉપયુક્તતા છે, એની વિચારણામાં પૂર્વ પુરુષોએ અનેક વાતો અનેક પુસ્તકોમાં કરી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુણ્ય પણ આખરે સોનાની બેડી છે અને સંસારમાં રઝળાવનાર છે, અને પાપ-અશુભોદય તો ગમતું નથી, પણ વાસ્તવિક રીતે બન્ને પાપ અને પુણ્ય નકામાં છે, ભોગવીને ફેંકી દેવા યોગ્ય છે અને એમ કરીને નવીન કર્મબંધ અટકાવવા યોગ્ય છે તે અટકાવવાનો ઉપાય પુણ્યથી રાચવું નહીં કે પાપથી મૂંઝાવું નહિ, એ છે.

પુણ્ય-પાપ પાડોશી ખાયે, માન-કામ દોઉ મામા;
મોહનગરકા રાજા ખાયા, પીછે હી પ્રેમ તે ગામા.

અવધૂ-૩

ભાવ પાંચ પ્રકારના છે (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક, (૩) ક્ષાયોપશમિક, (૪) ઓદાયિક, (૫) પારિણામિક. અજીવમાં સદર પાંચ ભાવવાળા પર્યાયોનો સદ્ભાવ નથી, તથા એ પાંચે અજીવનું સ્વરૂપ થઈ શકતા નથી. ઉપરના પાંચ ભાવ એકી સાથે બધા જીવોમાં હોય છે એવો નિયમ નથી, મોક્ષમાં ગયેલ મુક્તાત્મામાં ક્ષાયિક, પારિણામિક એ બેજ ભાવ હોય છે, સંસારી જીવોમા કોઇ ત્રણ ભાવવાળા, કોઈ ચાર ભાવવાળા અને કોઈ પાંચ ભાવવાળા હોય છે, આવા પ્રકારના બે ભાવો ક્ષાયિક અને પારિણામિક જ માત્ર રહે છે, અને બાકીના ભાવો ખસી જાય એ જીવનનો હેતુ છે. પણ એ સ્થિતિએ પહોંચવા માટે અંતરવૃત્તિ, સચ્ચારિત્ર, ત્યાગ, વિરાગના ભાવની જરૂર છે.

જ્યારે આત્મભાવ પ્રકટ થાય, અંતરની આત્મદશા જામી જાય અને પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરવાની લેમાં આત્મ નિમજ્જન થાય છે, ત્યારે પરભાવ પર કાબૂ આવે છે, ત્યારે બાહ્યાત્મભાવ ખસી જાય છે, ત્યારે સ્વસ્વરૂપની ઝાંખી થાય છે અને વહેલું કે મોડું આ ભવમાં કે અન્ય ભવમાં છેવટે આજ આપણે કરવાનું છે, તે કર્યા વગર છૂટકો નથી, જ્યાં સુધી તે કરીશું નહીં ત્યાં સુધી ચારગતિના વિષચક્રને પ્રેરક બળ મલ્યાજ કરશે, જે અત્યંત દુઃખપ્રદ છે, તેમાંથી છૂટવાનો પુરૂષાર્થ આચરીયે તેજ સાચો પુરૂષાર્થ છે, બાકીનું બધુંજ ભવભ્રમણ કરાવનાર છે તે ન ભૂલવું જોઈએ.

( અનુસંધાન પાના ૧૨૪નું ચાલુ )

અવિશ્વાસ હોય તો જેમ રામ સીતાની તેમ આપ મારી પરીક્ષા કરી શકો છો. અને સાચે જ શંકાને ટાળવા પતિએ પોતાની સતી સ્ત્રીને તેલની કઢાઈમાં ધકેલવા લાગ્યો, ત્યાં મોટો ચમત્કાર થયો કે બીજું કાંઇ કોઇને ખબર પડયા વગર તેલ પાણી બની ગયું, અને પતિના દેહમાં ભયંકર વેદના શરૂ થઈ. એ વેદના શાંત થવાને બદલે વધવા લાગી એટલે સતી સાંઈ પોતાના શીલબળના પ્રભાવથી પતિની પીડાનું હરણ કરી ઈશ્વરનું ભજન ભજતાં જીવન પુરું કર્યું.

આથી જ સતીઓને અનુલક્ષી યુરોપના એક વિદ્વાને કહ્યું છે કે ઈશ્વરના ગુણોને બાદ કરતા આપણે સૌથી વધુ ઋણી સ્ત્રીના છીએ એથી કયારે પણ સ્ત્રીને દુઃખ થાય એવા કાર્યો કરવા એ મહા પાપ છે.

## ભેટ મળશે

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી તેમના સભાસદોને "વૈરાગ્ય ઝરણા" ની પુસ્તિકા ભેટ આપવાની છે. તો સ્થાનિક સભાસદોને શ્રી સભાની ઓફીસમાંથી લઇ જવા નમ્ર વિનંતિ કરવામાં આવે છે. બહારગામના સભાસદોને પોસ્ટથી મોકલી આપવામાં આવશે.

**શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાનમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાનદાન

લેખક : પૂજ્ય અકલંકવિજયજી મહારાજ સાહેબ

અનંતજ્ઞાની વીતરાગ પ્રભુએ ધર્મનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે ધર્મ ચાર પ્રકારે થઈ શકે છે. **દાન કરવાથી, શીઅળ પાળવાથી, તપ કરવાથી, અને શુભભાવના ભાવવાથી.** દાન, શીલ, ને તપ એ ત્રણેમાં શુભ ભાવતો જોઈએજ. છતાં એકલો ભાવ પણ મોક્ષે પહોંચાડી શકે છે. ગૃહસ્થોને માટે ધર્મની શરૂઆત દાનથીજ થાય છે. દાન એટલે ત્યાગ. આપણી પાસે જે વસ્તુ હોય તે બીજાને આપીએ તે દાન કહેવાય છે. અહિંસા. સંયમ, અને તપ એ રીતે પણ ધર્મ ત્રણ પ્રકારનો કહેલ છે. એમ જુદી જુદી અપેક્ષાએ ધર્મ સમજાવ્યો છે. તે દરેકમાં જીવદયા મુખ્ય છે. આ બધું સમજાવવું, અને હેય ત્યાગ કરવા યોગ્ય, જ્ઞેય જાણવા યોગ્ય, અને ઉપાદેય આદરવા યોગ્યની સમજણ આપવી તે જ્ઞાનદાન સર્વોત્કૃષ્ટ છે. અભયદાન, જ્ઞાનદાન ને ધર્મોપગ્રહ દાન એમ ત્રણ પ્રકારે દાન ગણાય છે, તેમજ બીજી રીતે **અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન** ને કીર્તિદાન એમ પાંચ પ્રકારે પણ કહેવાય છે, તેમાં પ્રથમનાં બે ઉચ્ચ કોટીનાં દાન છે, તે સ્વર્ગ અને અપવર્ગ એટલે મોક્ષનાં સુખને આપનાર છે, દરેક જીવ માત્રને પોતના સમાન ગણી તેનું રક્ષણ કરવું, બચાવવું એ પ્રથમ ધર્મ છે, અને તે અભયદાન તરિકે પ્રખ્યાત છે. બીજું સુપાત્રદાન સાતક્ષેત્રમાં ધનનો વ્યય કરવો તે છે. તે પણ પહેલા જેટલુંજ મહત્વનું દાન છે. સાતક્ષેત્રામાં પહેલા નંબરમાં જીર્ણોદ્ધાર એટલે જૈનતીર્થના ઉદ્ધાર માટે જૂના મંદિરો સમરાવવાં અને જરૂર હોય ત્યાં નવાં જિનમંદિર કરાવવાં, પ્રતિમા ભરાવવી એ બીજા નંબરનું સુપાત્ર દાન છે. આગમ-શાસ્ત્રો, ચરિત્રો, લખવાં લખાવવાં-છપાવવાં એ ત્રીજા નંબરનું સુપાત્રદાન છે. એ ત્રણે સ્થાવર તીર્થ છે, અને સાધુ-સાધ્વી શ્રાવકને શ્રાવીકા એ ચતુર્વિધ સંઘ તે જંગમ તીર્થ છે. તેમની ભક્તિ, વૈયાવચ્ચ, કરવા રૂપ છે. જૈનાગમ ચાર અનુયોગમા વહેંચાએલું છે. તેમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ ને ચરણકરણાનું યોગ. વધારે સમજણવાળા માટે છે. પણ ધર્મકથાનુયોગ તો આબાલ-વૃદ્ધ સર્વને ઉપયોગી છે, મહા પુરૂષોના જીવનચરિત્ર વાંચી યોગ્યતા મુજબ દરેક જીવ આત્મવિકાસ સાધી શકે છે જ્ઞાનદાનનો જ પ્રકાર છે, કોઇ વક્તૃત્વકળાથી ઉપદેશ આપી સમજાવે છે તો કોઇ લેખન કળાથી સારાં સારાં ચરિત્રો લખી ધર્મનું સ્વરૂપ સમજાવે છે. આજે વ્યાવહારિક જ્ઞાન વધતું જાય છે. જ્યારે ધાર્મિક જ્ઞાન ઓછું થતું જાય છે. પુસ્તક છપાવી તેનું મમત્વપણું રાખી એકઠું કરી મૂકી રાખવાથી ઉધઈ લાગી જતાં ફેંકી દેવું પડે છે. પણ છુટથી જ્ઞાનનો પ્રચાર કરવાથી તો લાભ જ થાય છે. આપણી પાસે એકથી વધુ પુસ્તક હોય તો બીજાને લાભ કેમ મળે તે વિચારી તેનો સદ્ઉપયોગ કરવો અને ઉદારતાથી સર્વને ઉપયોગમાં આવે તે રીતે વર્તવું જોઈએ. વિષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા. એટલે કે આ કાળે જિનેશ્વર ભગવાનની પ્રતિમા અને જિનેશ્વરે કહેલું આગમ-સૂત્ર એ બન્ને ઉપયોગી છે. સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધા વિવેક ને ક્રિયા એ ત્રણેથી આત્મવિકાસ સધાય છે. " સકળ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા તેહનું મૂળ જે કહીએ તેહ જ્ઞાન નિતનિત વંદી જે તેવિણ કહો કેમ રહીયે રે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે પ્રથમ સમ્યગ્જ્ઞાનની જરૂર છે. તેમાં તીર્થંકર વગેરેના ચરિત્રો વાંચવાથી તથા સ્તવન સજ્ઝાયના અર્થ વિચારવાની તથા પ્રકરણો અને કર્મગ્રંથનું જ્ઞાન મેળવવાથી સમ્યકત્વ નિર્મળ થાય છે. જ્ઞાનનો સુંદર બોધ થાય છે તે મુજબ વર્તવાથી ઉત્તમ આત્મવિકાસ સાધી શકાય છે, માટે જ્ઞાનદાન એ સર્વોત્કૃષ્ટ દાન છે. તેનો જેટલો બને તેટલો પ્રચાર કરવો આવશ્યક છે.

— o —



## સર્વદાતા જિનેશ્વર

લે. પ. પૂ. ઉપાધ્યાય યશોવિજયજી

હે જિનેશ્વર! આપ જેવા દાનવીર હોય
પછી કલ્પવૃક્ષ પાસે કોણ હાથ લાંબો કરે?

હે જિનવર! આપ જેવા દાનવીર મેળવીને
પછી ચિંતામણિ પાસે કોણ માંગે?

હે જિનેન્દ્ર! પ્રસન્નતાથી ઇચ્છિત દેનાર આપ મળ્યા
પછી કામધેનુ પાસે કોણ ખોળો પાથરે?

હે જિનેશ! ઉદાર દરિયાવ દીલ આપનો સંબંધ થયો
પછી ફટાક ફુટકણિયા કામઘટ પાસે કોણ
ભિખ માંગે?

---

હે જિનેશ્વર? કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ, કામઘટ, આ બધાં આપની પ્રસન્નતા હોય ત્યાં સુધી પ્રસન્ન.

અને આપ અપ્રસન્ન હોય તો તે સા અપ્રસન્ન છો

આથી હે જિનેન્દ્ર!

બુદ્ધિમાનો માટે આપજ એક સેવ્ય પૂજ્ય વૈદ્ય છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના
વરદહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્દભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ટ સ્થાને મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે. (કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

**બહાર પડી ચુકેલ છે જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (કિંમત રૂા. ૮-૦૦)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, **ભાવનગર.**


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ. આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ. ભાવનગર.

For Private And Personal Use Only